**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
**www.j.vidhyayanaejournal.org**
**Indexed in: ROAD & Google Scholar**

# ભણતરનો પાયો : બાળપણની સંભાળ અને પ્રારંભિક શિક્ષણ

**RESEARCHER**
**DR. ROHIT C. PATEL**
**(M.COM.,M.ED.,PH.D.)**
**Lecturer, District Institute Of Education And Training, Navsari**

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

## સારાંશ

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020, 29 જુલાઇ 2020નાં રોજ 34 વર્ષ બાદ અમલમાં આવી. તેની રચના ઇસરોના વૈજ્ઞાનિક કે. કસ્તુરીરંગનનાં અધ્યક્ષ સ્થાનમાં  રચાયેલી સમિતિ દ્વારા કરવામાં આવેલ છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ- 2020 અંતર્ગત આંગણવાડીનો (બાલમંદિર,નર્સરી), Jr.K.G., Sr.K.G.નો શાળાકીય પ્રાંગણમાં જ સમાવેશ કરતાં 12 વર્ષને બદલે 15 વર્ષનું શાળાકીય શિક્ષણ થશે. પૂર્વ પ્રાથમિક શિક્ષણ પાંચ વર્ષનું ગણાશે. બાળ કેન્દ્રીય  શિક્ષણ થશે. પ્રવૃતિ દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ થશે. તેને આધારિત અભ્યાસક્રમની રચના કરવામાં આવશે.બાળકનાં મનોવૈજ્ઞાનિક વિકાસનાં તબક્કાનાં આધારે ભાર વિનાનું ભણતર અનેકવિદ્  અધ્યાપન પધ્ધતિઓનાં અમલ દ્વારા કરવામાં આવશે.  અભ્યાસક્રમ માટે સક્ષમ શિક્ષકોની ભરતી કરવામાં આવશે અથવા તો જે શિક્ષકો છે તેને 6 મહિનાનાં ખાસ સર્ટિફિકેટ કોર્સ (શિક્ષણશાસ્ત્ર અનુસાર) અંતર્ગત તાલીમ આપી સક્ષમ બનાવવામાં આવશે.બાળકનાં સ્વાસ્થ્ય અને શિક્ષણ પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. શાળાનું વાતાવરણ ભયમુક્ત અને પ્રેમપૂર્વકનું બને, બાળકોને શાળાએ આવવું ગમે, હસતાં- રમતાં તેનો વિકાસ, તેની વ્યક્તિગત ભિન્નતાઓને ધ્યાનમાં રાખી, તેની રસ, રુચિ અને  આવડત અનુસાર કરવામાં આવે તેવા શિક્ષણની જોગવાઈ આ નીતિમાં કરવામાં આવેલ છે. બાળક પુખ્તવયે દેશ, સમાજ અને કુટુંબ સાથે વિશ્વાસપૂર્ણ સંબધ ધરાવતો નાગરિક બની રહેશે, તો આ નીતિનો અમલ યથાર્થપૂર્ણ  થયેલો ગણાશે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

## 1. પ્રસ્તાવના :-

આપણાં જીવનનાં સોળ સંસ્કાર પૈકી વિદ્યા પણ એક સંસ્કાર છે. શિક્ષણનું આપણાં જીવનમાં એક અનોખું મહત્વ છે. શિક્ષણ આપણો મૂળભૂત અધિકાર છે. ખાસ કરીને જ્યારે બાળશિક્ષણની વાત આવે, ત્યારે બાળકોને પ્રારંભિક તબક્કામાં એવું શિક્ષણ મળવું જોઈએ કે જેથી બાળકો શિક્ષણ પ્રત્યે પ્રેરાય અને પ્રોત્સાહિત થાય.

આજે આવશ્યકતા એ વાતની છે કે 3 – 6 વય જૂથનાં બાળકોની ક્ષમતા, જરૂરિયાત તથા ગ્રહણ શક્તિની કક્ષાને જોતાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે એવો અભ્યાસક્રમ તૈયાર કરવો જોઈએ કે જે બાળકોની પરિસ્થિતિ અને ટેવોનાં પર્યાવરણ (પરિવેશ) ને અનુકૂળ હોય, સાથે તેમનાં વિકાસમાં ગતિ પ્રદાન કરે તેવો હોવો જોઈએ. પૂર્વ પ્રાથમિક શિક્ષણ પર ભાર આપવો અને તેના સ્તરને ઊંચું લઈ જવા માટે એક સુનિયોજિત કાર્યક્રમ જરૂરી છે, જેના દ્વારા બાળકો વાંચન લેખનની તૈયારી માટે જરૂરી કૌશલ્યો કેળવી શકે છે, આના પરિણામે તે આગળનું શિક્ષણ સરળતાથી મેળવી શકે છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 1986માં પૂર્વ પ્રાથમિક શિક્ષણને ઘણું મહત્વ આપવામાં આવ્યું છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ બાળકોની સારસંભાળ અને શિક્ષણને માનવ સંશાધનનાં વિકાસમાં એક મહત્વપૂર્ણ નિવેશ સ્વરૂપે સ્વીકારવામાં આવ્યું છે.

રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું (NCF) 2005માં જણાવવામાં આવ્યું છે કે પ્રારંભિક બાલ્યાવસ્થા સ્તર પર 6 થી 8 વય જૂથનાં બાળકો ખૂબ જ સંવેદનશીલ અને નિર્ણાયક

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

અવસ્થામાં હોય છે. શરૂઆતનાં વર્ષોનાં શિક્ષણ માટે બાળકો જે પર્યાવરણમાં રહે છે, જેનાથી એ પરિચિત હોય છે, તે પ્રમાણે શિક્ષણ આપવું જોઈએ. આ સ્તરે બાળકોને બળજબરીથી લખવાનું, વાંચવાનું અને અંકગણન શીખવા માટે દબાણ કરવું જોઈએ નહિ.

શિક્ષણનો અધિકાર અધિનિયમ – 2009 ની કલમ 11 મુજબ પ્રાથમિક શિક્ષણ માટે 3 વર્ષથી વધુ વય જૂથનાં તમામ બાળકોને જ્યાં સુધી 6 વર્ષનાં ન થાય, ત્યાં સુધી તૈયાર કરવા.

રાષ્ટ્રીય પ્રારંભિક બાલ્યાવસ્થા શિક્ષણ અને સારસંભાળ નીતિ – 2013 અનુસાર બાળકોનાં સર્વાંગીવિકાસ માટે પ્રસવપૂર્વથી 6 વર્ષનાં વય જૂથ સુધી સંકલિત સેવાઓ પ્રદાન કરવામાં આવશે. આ નીતિ અનુસાર બાળકોનાં સ્વાસ્થ્ય, પોષણ, મનોસામાજિક અને ભાવાત્મક જરૂરિયાતોને સ્વીકારવામાં આવ્યા છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020 માં પ્રારંભિક બાળપણ શિક્ષણ માટે આ નીતિ બાળપણનાં પ્રારંભિક વર્ષોનાં મહત્વ પર ભાર આપે છે અને ગુણવત્તાભરી પ્રાથમિક સંભાળ અને શિક્ષણ 3 – 6 વર્ષનાં બધા બાળકોને 2030 સુધીમાં મળે તેવો ધ્યેય ધરખમ રોકાણ અને નવા પગલાંઓ દ્વારા રાખે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

## 2. સંકલ્પના :-

| રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 | | | |
|---|---|---|---|
| શાળાકીય શિક્ષણ- 15 વર્ષ (5+3+3+4) | | | |
| 5 | 3 | 3 | 4 |
| નર્સરી | ધોરણ 3 | ધોરણ 6 | ધોરણ 9 |
| જૂનિ. કેજી. | ધોરણ 4 | ધોરણ 7 | ધોરણ 10 |
| સિનિ. કેજી. | ધોરણ 5 | ધોરણ 8 | ધોરણ 11 |
| ધોરણ 1 | | | ધોરણ 12 |
| ધોરણ 2 | | | |

અગાઉની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ મુજબ શિક્ષણ ધોરણ 1 થી 12 એટલે 10+2 મુજબ આપવામાં આવે છે.રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020માં 5+3+3+4 મુજબ અર્થાત પહેલા પાંચ વર્ષ નર્સરી, Jr. K.G., Sr. K.G., ધો.1 અને ધો.2નો પ્રારંભિક શિક્ષણમાં (પાયાનાં શિક્ષણમાં) તથા બીજા ત્રણ વર્ષ ધો.3, 4, 5નો પ્રાથમિક શિક્ષણમાં (પ્રેપરેટરી શિક્ષણમાં) તથા ત્રીજા ત્રણ વર્ષ ધો.6, 7, 8નો માધ્યમિક શિક્ષણમાં (middle levelમાં) અને છેલ્લા ચાર વર્ષ ધો.9, 10, 11, 12નો ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણમાં (High Schoolમાં) સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રારંભિક શિક્ષણ એટલે પ્રથમ પાંચ વર્ષ નર્સરી, Jr.K.G., Sr.K.G., ધો.1 અને ધો.2 માં, ઉંમર 3 વર્ષથી 6 વર્ષ સુધીમાં નર્સરી, Jr.K.G., Sr.K.G.નાં બાળકોનો સમાવેશ કરવામાં આવેલ છે. મનોવૈજ્ઞાનિકો એવું કહે છે કે નાના બાળકનાં મગજનો 85% વિકાસ એની 6 વર્ષની ઉંમર

સુધીમાં થઈ જાય છે. 6 વર્ષે બાળક ધોરણ 1 માં આવે ત્યારે તેનો મૂળભૂત (બેઝીક) વિકાસની ઉંમરનો જે તબક્કો છે, તે 3 થી 6 વર્ષનો છે. હાલ અત્યારે અલગથી નર્સરી, Jr.K.G., Sr.K.G., ચાલે છે. પરંતુ બહુ ઓછી સ્કૂલમાં પ્રિસ્કૂલ  (પ્રેપટરી સ્કૂલ) ચાલતી અને એના માટે કોઈ નિશ્ચિત અભ્યાસક્રમની વિચારણા ચાલતી હતી, એના માટે શિક્ષકો કઈ કક્ષાનાં હોવા જોઈએ? કઈ લાયકાત ધરાવતા હોવા જોઈએ? આ અંગે કોઈ નિર્ણય લેવાનો બાકી હતો. ઉંમર 3 થી 6 વર્ષ એટલે કે નર્સરી, Jr.K.G., Sr.K.G.,નાં બાળકની જે માનસિક ક્ષમતા છે, તે બાળકોનો જે રીતે વિકાસ કરવાનો હોય એવી રીતે તેને તૈયાર કરી શકાય તે અંગેની યોજના વિચારણામાં હતી એટલે ધો.1 થી 12 નાં 12 વર્ષના શિક્ષણને બદલે 15 વર્ષનું શિક્ષણ કરવામાં આવશે. જેમાં ત્રણ વર્ષ નર્સરી, Jr.K.G., Sr.K.G. નાં લેવામાં આવશે અને તેનાં માનસિક તબક્કાઓને ધ્યાનમાં રાખીને શિક્ષણશાસ્ત્ર અનુસાર અભ્યાસક્રમ ફ્રેમ કરવામાં આવશે, તો કદાચ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020 એક ચમત્કાર સર્જી શકે છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020માં ECCE એટલે Early Childhood and Care Education અંતર્ગત ખૂબ જ વિસ્તૃત જોગવાઇઓ કરી છે. 2030 સુધીમાં એટલે કે આવનારા દસકમાં પ્રિ-સ્કૂલનાં ત્રણ વર્ષનાં અભ્યાસક્રમમાં જુદા-જુદા રાજયોની સંસ્કૃતિને ધ્યાનમાં રાખીને ગુણવત્તાયુક્ત અભ્યાસક્રમ અને સક્ષમ શિક્ષકો તૈયાર કરવા. એના માટે 10 વર્ષની ગાઈડલાઇન એટલે કે 2030 સુધીમાં એનો સંપૂર્ણ અમલ થાય એવી ગણતરી સરકારની આ નીતિમાં છે. આવનાર 10 વર્ષોમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વિવિધ જનજાગૃતિ અભિયાનો ચલાવશે. જેથી શાળા સંચાલકો, શાળા અને વાલીઓ જાગૃત થાય. શાળા સંચાલકો, શિક્ષકો અને વાલીઓ માટે અલગ-અલગ માર્ગદર્શિકાઓ પ્રસ્તુત કરવામાં આવશે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

કુમળા બાળકની શારીરિક, માનસિક ક્ષમતા વિકસે, એનામાં જ્ઞાનાત્મક વિકાસ થાય તેનું ધ્યાન રાખવામાં આવશે. તેનો સામાજિક વિકાસ થાય, તેની લાગણીઓનો વિકાસ થાય અને તે એકબીજાની લાગણીઓ ઓળખતો થાય, તે નૈતિકતા, સંસ્કૃતિને સમજતો થાય. તેનામાં એકબીજા સાથે સંવાદ થવાની કળા ખીલે આ સમગ્ર બાબતોને ધ્યાનમાં રાખી અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવશે, એટલે 2030 સુધીમાં પાયાનાં પાંચ વર્ષ નર્સરી, Jr.K.G., Sr.K.G., ધો.1 અને ધો.2 માટે સરકારે એવું નિર્ધારિત કર્યુ છે કે તેમાં આંતર માળખાકીય સગવડ ઊભી કરવામાં આવશે.

## 3. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2019નો ધ્યેય :-

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2019 એક ભારત કેન્દ્રિય પ્રણાલીની કલ્પના કરે છે, જે બધાને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરીને આપણાં રાષ્ટ્રને એક ન્યાયસંગત અને જીવંત જ્ઞાન સમાજમાં સતત બદલવામાં યોગદાન આપે છે. **(રાષ્ટ્રીય શિક્ષા નીતિ – 2019 પારૂપ)**

## પ્રારંભિક શિક્ષણ અને બાળ સંભાળનો મુખ્ય હેતુ :-

વર્ષ 2030 સુધી 3 થી 6 વર્ષની ઉંમરનાં પ્રત્યેક બાળકનાં માટે મફત, સુરક્ષિત, ઉચ્ચ ગુણવત્તાયુક્ત, પૂર્ણ વિકાસાત્મક સ્તરને અનુરૂપ સંભાળ અને શિક્ષણની પહોંચને સુનિશ્ચિત કરવી. **(રાષ્ટ્રીય શિક્ષા નીતિ – 2019 પારૂપ)**

**ગૌણ હેતુઓ** :-

(1) 3 વર્ષ પહેલેથી જ બાળક અને માતાનાં સ્વાસ્થ્ય અને પોષણ પર ધ્યાન આપવું.

(2) બાળકનો જ્ઞાનાત્મક અને ભાવાત્મક વિકાસ કરવો.

(3) બાળકમાં નૈતિક મૂલ્યોનો વિકાસ કરવો.(સારા-ખરાબનો વિવેક ઉત્પન્ન કરવો.)

(4) બાળકને પ્રવૃતિ દ્વારા શિક્ષણ આપવું.

(5) બાળકોમાં ભાષાકૌશલ્ય, કલાકૌશલ્ય, તાર્કિકચિંતન, રમત-ગમત, સ્વચ્છતા વગેરે જેવા અનેક કૌશલ્યનો વિકાસ કરવો.

## 4. પ્રારંભિક શિક્ષણની અધ્યયન નિષ્પતિઓ :-

(1) બાળકોમાં સ્વચ્છતા, આરોગ્ય અને સુટેવોનું ઘડતર કરવું.

(2) બાળકોની માંસપેશીઓ અને નાનાં સ્નાયુઓનો વિકાસ કરવો.

(3) બાળકોમાં સામાજિક આચરણ અને વ્યવહારનું નિદર્શન કરવું.

(4) બાળકોની કલા, સંગીત અને નૃત્યમાં ભાગીદારી.

(5) બાળકોની વાતચીત, સૂચનાઓનું પાલન, ચિત્રાત્મક રજૂઆત વગેરેમાં ભાગીદારી.

(6) બાળકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ઉત્પન્ન કરવી.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

(7) બાળકોને ભૌતિક, સામાજિક અને જૈવિક પર્યાવરણ વિશે સમજ આપવી.

## 5. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020નાં મહત્વનાં જીવન કૌશલ્યો :-

### (5. 1) પ્રવૃત્તિલક્ષી શિક્ષણ :-

**રમત :-**





બાળક કેવી રીતે શીખે છે એમાં રમત એ હૃદય છે. રમતએ બાળકનાં સંપૂર્ણ વિકાસ જેમ કે શારીરિક, ભાષાકીય, સામાજિક, ભાવનાત્મક, માનસિક, સર્જનાત્મક અને સૌંદર્યબોધનાં વિકાસ માટે સ્વતંત્ર અને નિર્દેશિત પ્રવૃત્તિઓનું આયોજન છે. પૂર્વ શાળાનાં અભ્યાસક્રમમાં માધ્યમ તરીકે રમત પર ભાર મૂકવામાં આવશે. બાળકોને ક્રિયા-પ્રતિક્રિયા કરવાની તકો પૂરી પાડવામાં આવશે. પર્યાવરણ અને એકબીજા સાથે અનુકૂળ બનાવવા માટે રમત બાળકો દ્વારા શરૂ કરવામાં આવશે અને પુખ્ત દેખરેખ હશે માર્ગદર્શકની. રમતની શરૂઆત શિક્ષક દ્વારા વિશેષ શિક્ષણનાં ઉદ્દેશો સાથે કરવામાં આવશે. શિક્ષકોએ જાતીય ભેદભાવથી દૂર રહેવું જોઈએ. બાળકોને તેમના રુચિનાં ક્ષેત્રો પસંદ કરવા માટે સ્વતંત્રતા આપવામાં આવશે. વિકાસનાં બધા

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

ક્ષેત્રો માટે રમતની પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવશે અને તમામ બાળકોને રમતની પ્રવૃતિઓમાં સામેલ થવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. પ્રવૃતિ માટે બાળક્રીડાગણ જેમાં હીંચકા, લપસણી, ભુલભુલામણી, ચડતી ઊતરતી સીડીઓ, ચકડોળ, Knowledge Park, Balance Track તેમજ રમકડાંઘરમાં ચાલનગાડી, સાઇકલ, પ્રદર્શન ખંડ વગેરેની જોગવાઈ કરવી જોઈએ.

ઉત્સવો અને સાંસ્કૃતિક કાર્યક્રમોની ઉજવણી થવી જોઈએ.

ઔષધિયબાગ, કિચન ગાર્ડન બનાવવા જોઈએ.

પ્રવૃત્તિઓ માટે શાળાની અને વર્ગખંડની દિવાલોનો TLM તરીકે ઉપયોગ કરી શકાય.

## (5.2) <u>સર્વાંગી વિકાસ માટેની પ્રવૃતિઓ</u> :-

### 5.2.1 <u>શારીરિક અને હલચલનલક્ષી વિકાસની પ્રવૃતિઓ</u> :-

વિકાસનાં આ કાર્યક્ષેત્રમાં સ્નાનુઓનાં હલચલન, શારીરિક સ્વાસ્થ્ય અને તંદુરસ્તીને આવરી લેવામાં આવશે. 3 થી 6 વર્ષનાં બાળકો શારીરિક સંતુલન જાળવી શકે, તેઓ દોડવા, ચાલવા, કાગળ ફાડવા, કાતરથી કાપવા, રંગ કરવો, માટીનાં વિવિધ આકારો બનાવવા જેવી ક્રિયાઓ કરવા માટે સક્ષમ હોય છે.

માથું ઓળવા, કપડાની ઘડી કરવી, કૂંડાં રંગવાં, છોડને પાણી પાવવું, છાશ બનાવવી વગેરે જેવા શારીરિક શ્રમને લગતા કાર્યો પણ બાળકને શીખવવામાં આવશે.

### 5.2.2 સામાજિક સંવેદનાત્મક વિકાસ માટેની પ્રવૃત્તિઓ :-

ભાવનાત્મક વિકાસમાં સ્વયંનું પોતાની જાત પર નિયંત્રણ, પોતાની લાગણીઓ વ્યક્ત કરવાની રીત. આ ઉંમરનાં બાળકો પરિચિત તેમજ નવી પરિસ્થિતિમાં અનુકૂલન સાધે છે. આસપાસનાં પર્યાવરણની અવનવી વસ્તુઓ જાણે છે.

### 5.2.3 વિસ્તૃત સર્જનાત્મક કલા અને અભિવ્યક્તિ માટેની પ્રવૃતિઓ :-

સર્જનાત્મક કલા, કૌશલ્ય, સંગીત અને અન્ય આવડતોને આવરી લેવામાં આવશે. જેમાં વિસ્તૃતપણે હાવભાવ, રજૂઆત, પ્રશંસા, સમજણ અને નવીન વિચારસરણીનો સમાવેશ કરવામાં આવશે.

### 5.2.4 અર્લી લિટરસી અને ભાષા વિકાસ માટેની પ્રવૃતિઓ :-

ભાષા વિકાસ મુખ્યત્વે શ્રવણ, સમજણ, વાણી અને વાતચીતને આવરી લે છે.તેમાં ચિત્ર અને સંજ્ઞાઓનાં વાંચન અને લેખનનો સમાવેશ કરવામાં આવશે. બાળકોને ગીતો, કવિતાઓ, જોડકણા ગાવા ગમે છે. થોડા શબ્દોવાળા વાક્યોમાંથી જટિલ વાક્યો બોલતા થઈ જાય છે. બાળકમાં અર્થગ્રહણ શક્તિનો વિકાસ ભાષા દ્વારા કરવામાં આવશે.

બાળકને દસ વર્ષની ઉંમર સુધીમાં જેટલા શબ્દો કાને પડશે, એટલો એનામાં ભાષાનો વિકાસ થશે. આ બધી બાબતોને ધ્યાનમાં રાખવામાં આવશે.

### 5.2.5 તાર્કિક ગણન, વૈજ્ઞાનિક ચિંતન અને પર્યાવરણ જાગૃતતા માટેની પ્રવૃત્તિઓ:-

વિદ્યાર્થીઓમાં  પર્યાવરણ અંગે જાગૃતિ લાવવામાં, પર્યાવરણ સંરક્ષણ માટે રસ કેળવવા અને હકારાત્મક વલણનું ઘડતર કરવામાં શિક્ષકની મહત્વપૂર્ણ ભૂમિકા હશે. શિક્ષકે સ્વયં પર્યાવરણ પ્રત્યે જાગૃતતા દાખવવાની, રસ ધરાવવાની અને હકારાત્મક વલણ પ્રગટ કરવાની જરૂર ઊભી થશે, જેથી વિદ્યાર્થીઓ શિક્ષકનાં વ્યક્તિત્વનો પ્રભાવ આપોઆપ ઝીલતા થશે.

શિક્ષક બે પ્રકારે પર્યાવણ શિક્ષણમાં ફાળો આપી શકશે:

(a) અભ્યાસક્રમનાં વિવિધ વિષયોનાં અધ્યાપન દરમ્યાન પર્યાવરણનાં મૂલ્યોને અધ્યાપનમાં વણી લઈ તેના પર વિશેષ ભાર આપી શકશે.

(b) અભ્યાસક્રમનાં અન્ય વિષયોની સાથે પર્યાવરણને જોડી અભ્યાસક્રમ ભણાવશે.

### (5.3) ધો. 1, 2 માં ABL-પ્રજ્ઞા (ABL –Activity Based Learning – પ્રવૃત્તિ આધારિત જ્ઞાન)

વિદ્યાર્થીઓનાં રસને પ્રોત્સાહન આપી, તેમાં તેને આગળ વધારવામાં આવશે.

બાળકની વ્યક્તિગત ભિન્નતાઓને ધ્યાનમાં રાખી વ્યક્તિગત શિક્ષણ અપાશે.

બાળકને સ્વઅધ્યયન, સહપાઠી શિક્ષણ, શોધખોળ દ્વારા, ICT નાં ઉપયોગ દ્વારા શીખતા શીખવવાનું થશે.

ગોખણપટ્ટી ને બદલે બાળકની સંકલ્પનાઓ સ્પષ્ટ થાય તેવા શિક્ષણ પર ભાર મુકવામાં આવશે. બાળકની અર્થગ્રહણશક્તિ ખીલે, તેનો આ રચનાત્મક તબક્કામાં ધ્યાન રાખવામાં આવશે.

દરેક વિદ્યાર્થીમાં રહેલી અનન્ય ક્ષમતાઓની ઓળખ કરી, તેને બહાર લાવવા માટેનાં પ્રયત્નો કરવામાં આવશે.

ધો. 1, 2 માં આવતા પહેલા 1 વર્ષ માટે શાળા તત્પરતા કાર્યક્રમ અંતર્ગત 90 દિવસ માટે ત્રણ મહિનાનાં ટાસ્કમાં 180 પ્રવૃતિઓ અભ્યાસ સાથે આનંદ આપે તેવી તેમજ વિદ્યાદીપ (Day-wise activity) દ્વારા બાળકને તૈયાર કરવામાં આવશે.

પાયાગત સાક્ષરતા અને ગણન પર ભાર મુકવામાં આવશે.

3 થી 8 વર્ષમાં બાળકની જ્ઞાનેન્દ્રિયો સક્રિય હોય છે. જ્ઞાનેન્દ્રિયો દ્વારા પુષ્કળ અનુભવ બાળકને આ ઉંમરમાં મળવો જોઈએ. **(મોંટેસરી પુસ્તક)** પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા બાળક ઝડપથી ગ્રહણ કરી શકે તે માટે પક્ષીઓ, પ્રાણીઓનાં ચાર્ટ્સ, મોડેલ્સનો ઉપયોગ કરી શકાય.

આમ ગાંધીજીના 4H – Heart, Hand, Head and Health ની ભલામણને આ નીતિ યથાર્થરૂપે સાર્થક કરશે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

### (5.4) <u>માતૃભાષા દ્વારા, લોકબોલી દ્વારા શિક્ષણ</u> :-

બાળક પરિચિતથી અપરિચિત તરફ જાય એટલા માટે પોતાની માતૃભાષા, લોકબોલી દ્વારા શિક્ષણ અપાશે.

માતૃભાષામાં શિક્ષણ આપી બાળકોનો આત્મવિશ્વાસ અને આત્મસન્માનમાં વધારો કરી શિક્ષણનો પાયો મજબૂત બનાવવામાં આવશે.

### (5.5) <u>બાળકોનું સાહિત્ય</u> :-

NCERT દ્વારા **National Curriculum and Pedagogical Frame work for Early Childhood Care and Education (NCPFECCE)**માં અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવશે જે બે ભાગમાં વહેંચાયેલું હશે, 0-3 વયજૂથનાં બાળકો માટે અને 3-8 વયજૂથનાં બાળકો માટેનું માળખું તૈયાર કરવામાં આવશે, જેમાં ઉપરનાં દિશા નિર્દેશ અનુસાર પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણનાં ક્ષેત્રમાં થયેલા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નવાચાર અને ઉત્કૃષ્ટ કાર્યપ્રણાલી પરનાં નવા સંશોધનોનો સમાવેશ કરવામાં આવશે. ખાસ કરીને ભારતમાં સદીઓથી બાળ શિક્ષણનાં વિકાસમાં સમૃદ્ધ પરંપરાઓ છે, જે સ્થાનિક કક્ષાએ પ્રચલિત છે, તેનો માળખામાં સમાવેશ કરવામાં આવશે. જેમાં બાળકોની ઉંમર, રસ, ભાષા અને યોગ્ય થીમ ધ્યાનમાં રાખીને બાળકો માટેનાં સાહિત્યની પસંદગી માટે માપદંડ વિકસાવવા એ મહત્વપૂર્ણ બાબત છે. વિદ્યાર્થીઓને ગમે તેવા આનંદદાયી, સરળતાથી સુલભ, ગુણવત્તાસભર ભાવાનુવાદ અને ટેક્નોલોજીનાં ઉપયોગ દ્વારા, સ્થાનિક ભાષામાં ભાષાંતરીત પુસ્તકો બનાવવામાં આવશે. સાહિત્યમાં ચિત્રો

મોટા અને ટેક્ષ ઓછી હોય. Early Readers જેવાં પુસ્તકો કે જેમાં વાર્તાઓ, ચિત્રો, રમત-ગમત, કવિતાઓ, જોડકણા વગેરેનો સમાવેશ કરવામાં આવશે.

બાળકો માટે digital library બનાવવી જોઈએ. જેમાં digital materials, multi-languages software કે જે શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેનો ભાષાનો અવરોધ દૂર કરે. તેનું ધ્યાન રાખવામાં આવશે. દરેક વાચકને એનું પુસ્તક મળે અને દરેક પુસ્તકને એને યોગ્ય વાચક મળે તે માટે શાળાનાં પુસ્તકાલયનો ઉપયોગ શાળા સમય બાદ વિદ્યાર્થીઓ અને સમાજની વ્યક્તિને પ્રાપ્ત થાય તે માટેનાં પ્રયત્નો કરવામાં આવશે.

અભ્યાસક્રમમાંથી બિનજરૂરી બાબતો દૂર કરી અભ્યાસક્રમ ઘટાડવો, જેથી દફતરનો ભાર હળવો થાય.

પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણનાં અભ્યાસક્રમની સંરચના અને શિક્ષણ વ્યવસ્થા નક્કી કરવાની જવાબદારી માનવ સંસાધન વિકાસ મંત્રાલય (MHRD) ની રહેશે, કારણકે પૂર્વપ્રાથમિક શાળાનાં માધ્યમથી પ્રાથમિક શાળા સુધીની એકસૂત્રતા સુનિશ્ચિત થઈ શકે અને શિક્ષણની મૂળભૂત બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરી શકાય.

### (5.6) <u>પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે માપન</u> :-

બાળકોની પ્રગતિ માટે અવલોકન શીટ, ચેકલિસ્ટ, પોર્ટફોલિયો, હેલ્થકાર્ડ, Rubrics, "મારી વિકાસ યાત્રા" મૂલ્યાંકનપત્રક વગેરેની મદદથી માપન કરવામાં આવશે.

બાળક સંકલ્પના સમજે અને જ્ઞાનનો ઉપયોગ કરે, સમસ્યા ઉકેલ, વિવેકાત્મક ચિંતન અને તાર્કિકચિંતન કરે, વૈજ્ઞાનિક અભિગમ કેળવે અને તેના આધારિત સિધ્ધિપ્રાપ્તાંકોનાં માપદંડ દર નક્કી કરવામાં આવશે.

બાળકની શૈક્ષણિક પ્રગતિની સતત ચકાસણી થતી રહેશે. 3 વર્ષથી 18 વર્ષ સુધીનું સંગૃહિત પ્રગતિપત્રક નિભાવવામાં આવશે, જેથી તેનું સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન થાય.

અધ્યયન નિષ્પતિઓનાં પરિણામને આધારે ઉપચારાત્મક કાર્ય કરવાનું થશે. વર્ગખંડની પ્રક્રિયામાં સુધારો થશે.

3 થી 6 વર્ષનાં બાળકો માટે પ્રવેશ પરીક્ષા કે ઔપચારિક કસોટીનો સમાવેશ ના કરવો તેમજ શારીરિક શિક્ષાની નાબૂદી થાય.

### (5.7) <u>સક્ષમ શિક્ષકો</u> :-

પ્રારંભિક શિક્ષણમાં 10+2 કરેલા શિક્ષકો માટે 6 મહિનાનો ખાસ સર્ટિફિકેટ કોર્સ હોય અને તેનાથી ઓછી લાયકાતવાળા શિક્ષકોએ 1 વર્ષનો ડિપ્લોમા કોર્સ પૂર્ણ કરવાનો રહેશે. શિક્ષક 1 વર્ષમાં ઓછામાં ઓછી 50 કલાકની તાલીમ પૂર્ણ કરશે, જેમાં Exposure Visitનો પણ સમાવેશ કરવામાં આવશે. શિક્ષકોને PDP (Professional Development Programme) અંતર્ગત તાલીમ લેવાની રહેશે. શિક્ષકોને Innovation અને Research માટે પ્રેરિત કરવામાં આવશે. શિક્ષકોની online તાલીમ પણ થશે. "શિક્ષક હંમેશા જુદા-જુદા નવતર પ્રયોગો કરતા રહેવા જોઈએ" **(દિવાસ્વપ્ન પુસ્તક - ગિજુભાઈ બધેકા)**. શિક્ષકોએ કેસ સ્ટડી કે ડિજિટલ સાંસોધન કરીને

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

વ્યવહારું અધ્યાપન પદ્ધતિઓ પ્રયોજવી.આંગણવાડી કાર્યકર્તાઓ માટે સઘન તાલીમ કરવામાં આવશે. આંગણવાડીમાં શિક્ષકો સાથે તાલીમી સ્વયંસેવકો અને સામાજિક કાર્યકરોની મદદ લેવામાં આવશે. શિક્ષક – વિદ્યાર્થી રેશિયો 1:25 નો હોય. લોકબોલીમાં ભણાવી શકે તેવા શિક્ષકોની વતનમાં નિમણુંક કરવી. શિક્ષકોએ digital સંશોધનો કે ગેઝેટ્સનાં ઉપયોગ માટે ક્ષમતા કેળવવાની રહેશે. શિક્ષકો માટેનાં National Professional Standards for Teacher (NPST) પેરામીટર 2022 સુધીમાં તૈયાર કરવામાં આવશે.

### (5.8) <u>**અધ્યાપન પદ્ધતિઓ**</u> :-

વર્ગખંડમાં ભણાવવાની પ્રક્રિયા one way ના બને, પરંતુ Interactive બને. શિક્ષક-વિદ્યાર્થી પ્રશ્નોતરી દ્વારા શીખે. પૂછપરછ અભિગમ મોડલ દ્વારા, અનુભવજન્ય અભિગમ દ્વારા, કૌશલ્ય આધારિત અધ્યન દ્વારા, ICTનાં ઉપયોગ દ્વારા, સમસ્યા ઉકેલ, જૂથ ચર્ચા પધ્ધતિ વગેરેનો ઉપયોગ કરવામાં આવશે. બાળક સ્વઅધ્યયન દ્વારા શીખતું થાય તેમ બાળકને શીખવવામાં આવશે. શિક્ષક માર્ગદર્શક તરીકેની ભૂમિકા ભજવશે.

બાળકને learning to learn, learning to do, learning to live together, learning to be નાં સિદ્ધાંતોને ધ્યાનમાં રાખી નવી નીતિને જોવી જોઈએ (**ડેલોસ કમિશન રિપોર્ટ**).

આમ, બાળકને જ્ઞાનનો ઉપભોક્તા નહીં, સર્જક બનાવવાનો છે.

**(5.9) ગણવેશ :-**

પૂર્વ પ્રાથમિકમાં બાળકને ફરજિયાત ગણવેશ ના હોવો જોઈએ. તેઓ તેમને મનગમતાં અનુકૂળ વસ્ત્રો પહેરી શકે.

**(5.10) મધ્યાન ભોજન :-**

નામાંકન, હાજરી અને જાળવણીમાં વૃધ્ધિ કરી બાળકોની પોષણ સ્થિતિમાં સુધારો કરવામાં આવશે. બાળકને પોષણયુક્ત ગરમ નાસ્તો અને મધ્યાહ્ન ભોજન બંને પૂરા પાડવામાં આવશે. જે વિદ્યાર્થીઓને ઉર્જા આપે છે અને બાળકને સક્ષમ બનાવે છે. જ્યાં આ પ્રકારની વ્યવસ્થા ઉપલબ્ધ ના હોય ત્યાં શીંગ, ચણા, ગોળ તથા સ્થાનિક ફળ આપી શકાશે, કારણકે કુપોષિત બાળક અસરકારક રીતે શીખી શકતો નથી.

**(5.11) સ્વાસ્થ્ય :-**

આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત બાળકોની શારીરિક તપાસ વર્ષમાં બે વાર થશે. ફર્સ્ટ એઇડ બોક્સ જેવા સાધનોની જોગવાઈ કરવી જોઈએ. શાળામાં કાઉન્સેલર શિક્ષકની ભરતી કરવામાં આવશે, જે બાળકના માનસિક સ્તરનું ધ્યાન રાખશે. હેલ્થકાર્ડમાં બાળકોના સ્વાસ્થ્ય અંગેનો રેકોર્ડ રાખવામાં આવશે. હેલ્થકાર્ડને બાળકનાં રિપોર્ટ કાર્ડ સાથે લિન્ક કરવામાં આવશે. હેલ્થકાર્ડમાં નિદાન ઉપચારની નોંધ, આરોગ્યની ચકાસણીનો ડેટા રાખવામાં આવશે, વિદ્યાર્થીઓની રોગ પ્રતિકારશક્તિનું મોનિટરિંગ કરવામાં આવશે, કારણકે સ્વાસ્થ્ય અને શિક્ષણ એક સિક્કાની બે બાજુઓ છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

### (5.12) માતા-પિતા અને સમુદાયની ભાગીદારી :-

અસરકારક પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે સમુદાયની ભાગીદારી ખૂબ જ મહત્વની હશે. બાળકો કેટલું શીખ્યા છે, તેમાં તેના પરિવારનું પણ મહત્વ ઊભું થશે. પૂર્વ પ્રાથમિક શાળાનાં બાળકનાં માતા-પિતાને વિશેષ આવશ્યકતાવાળા બાળકો વિશેની માહિતી અવશ્ય અપાશે. વળી મિટિંગમાં વાલીઓની સક્રિયતાની જરૂરિયાત ઊભી થશે. અત્યારે Mom & Me કાર્યક્રમ અંતર્ગત આંગણવાડીમાં માતા- પિતા ભાગીદારી આપી જ રહ્યા છે, પણ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020 મુજબ વધુ સક્રિયતાની આવશ્યકતા ઊભી થશે.

### (5.13) પ્રાથમિક ધોરણો સાથે સરળ રીતે જોડાણ પ્રવેશ:-

પૂર્વ પ્રાથમિકમાંથી બાળક જ્યારે ધો. 1 માં પ્રવેશ કરે છે, ત્યારે ત્યાં એને માટે  નવું વાતાવરણ હોય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020માં નર્સરી, Jr.K.G., Sr.K.G. શાળાનાં પ્રાંગણમાં જ સમાવેશ કરતાં શાળાનાં વાતાવરણ સાથે બાળકો સાયુજ્ય સાધી શકશે. બાળકોનો પોર્ટફોલીયો તથા પ્રગતિપત્રક ધો. 1, 2 નાં શિક્ષકને આપતા સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન દ્વારા બાળકનો સર્વાંગીણ વિકાસ કરી શકાશે.

#### જોડાણ માટેનાં ઘટકો:

#### 5.13.1 સ્થળ:

- પૂર્વ પ્રાથમિક શાળા, પ્રાથમિક શાળાની સાથે જ અથવા તેની નજીકમાં હશે.

### 5.13.2 પધ્ધતિઓ :

- એક સમાન શિક્ષણનો સમય.
- પૂર્વ પ્રાથમિક અને ધો.1 નાં શિક્ષકની એક સાથે તાલીમ.
- એકબીજાના સાધનો અને સુવિધાઓનો ઉપયોગ.

### 5.13.3 વ્યવસ્થાપન :

- સમાજનો સહકાર મેળવવો.
- આયોજન, અમલીકરણ અને નિરીક્ષણમાં સંકલન.
- તમામ બાલકલ્યાણની સેવાઓ જેવી કે સંભાળ, પોષણ, રસીકરણ અને શિક્ષણની સેવાઓનું જોડાણ.

### (5.14) સામાજિક અને આર્થિક રીતે પછાત બાળકો માટેની વ્યવસ્થા :

સામાજિક અને આર્થિક રીતે પછાત પ્રદેશો અને જિલ્લાઓ પર વિશેષ ધ્યાન અને પ્રાથમિકતા આપવામાં આવશે. આદિવાસી વિસ્તારોમાં પ્રારંભિક શિક્ષણ માટે આશ્રમ શાળાઓ તેમજ વૈકલ્પિક શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવશે. પ્રારંભિક કક્ષાએ બાળકોની સાક્ષરતા સંખ્યા વધે તે માટે પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણનાં કાર્યક્રમો દૂરવર્તી શિક્ષણનાં સ્વરૂપે DTH Channels તેમજ Smart Phoneનાં માધ્યમથી ચાલુ કરવામાં આવશે.

## 6. ઉપસંહાર :-

દેશનાં અનેક ભાગોમાં પ્રારંભિક શિક્ષણ અને બાળસંભાળ માટે આંગણવાડીની રીંચ ઊભી કરેલ છે. પરંતુ પૂર્વ પ્રાથમિક શિક્ષણનો ખ્યાલ દરેક તબક્કે સ્વીકાર્ય નહોતો. લોકો એવું સમજે છે કે બાળક આંગણવાડીમાં જાય, થોડો સમય પસાર કરવા જાય, થોડું વાંચતાં, લખતાં શીખે આ ખ્યાલની જગ્યાએ આ ઉંમર દરમ્યાન બાળકનાં આગળનાં અભ્યાસ માટે એનું મગજ અત્યારે એકદમ વિકાસશીલ હોય છે. પરંતુ આ તબક્કામાં બાળક માટે અમૂર્ત ચિંતન અશક્ય હોય છે, તો તેના માટે મૂર્ત વસ્તુઓ દ્વારા એટલે કે પ્રવૃતિ આધારિત શિક્ષણ આપવું જોઈએ.

ટૂંકમાં બાળકનાં આંગળા પરિપક્વ થાય તેવી પ્રવૃતિઓ જેવી કે માટીકામ, મોતી પરોવા, કાગળ કાપવા અને ચોંટાડવા વગેરે જેવી અનેકવિદ્ પ્રવૃતિ દ્વારા આંગળા અને મગજનું કો-ઓર્ડિનેશન થાય છે.

બાળકની લખવાની ઉંમર 5 વર્ષ પછીની છે, તેથી એ પહેલા મૌખિક અભિવ્યક્તિ જેવી કે 1000 સુધીની ગણતરી વગેરે મૂર્ત વસ્તુઓ દ્વારા શીખવવી.

બાળક શીખતા શીખી ગયો હશે, તો તે 21 મી સદીનાં આગળનાં જીવન માટે તૈયાર થશે. તેને માનવ અધિકાર, ટકાઉ વિકાસ, જીવનનિર્વાહ અને વૈશ્વિક સુખાકારી માટે જવાબદાર હોય એવી રીતે પ્રતિબદ્ધ બનાવવાનો ધ્યેય રહેશે.

આમ, પ્રારંભિક શિક્ષણમાં બે બાબત અગત્યની છે. 1) શિક્ષણ અને 2) પોષણ

બાલમંદિર કે આંગણવાડીનો શાળામાં જ પ્રવેશ કરતાં નવી શિક્ષણનીતિમાં આ એક અગત્યનો નિર્ણય છે. પરંતુ તેના માટે શાળામાં વર્ગખંડની વ્યવસ્થા, શિક્ષકોની વ્યવસ્થા વગેરે અનેકવિદ્ય પડકારો પણ ઊભા થશે.

માઇગ્રેશન જેવા પ્રશ્નો માટે હાલ સૉફ્ટવેર છે, જે તેનું મોનિટરિંગ કરે છે, તેને પણ સમયાંતરે અપડેટ કરતાં રહેવું પડશે.

વ્યક્તિગત ભિન્નતા અનુસાર શિક્ષણ, જૂથપ્રવૃત્તિ, (peer learning), સ્વઅધ્યન વગેરે જેવી પ્રવૃતિઓ દ્વારા શિક્ષણ સરળ બનશે. જે હાલ અત્યારે ગુજરાતમાં પ્રજ્ઞા અભિગમ અંતર્ગત કાર્યરત છે. ભાષા, ગણિત, પર્યાવરણ સાથે જ કલાને સાંકળીને શીખવવી. આ બધી બાબતોને ધ્યાનમાં રાખી પરીક્ષા પદ્ધતિ, પરિણામ અને મૂલ્યાંકનમાં પણ આમૂલ પરીવર્તન થવું જોઈએ.

આંગણવાડી, Jr.K.G., Sr.K.G. નો શાળા પ્રાંગણમાં જ સમાવેશ કરતાં શાળાનાં મકાનની ઉપલબ્ધતા ચકાસાવી જોઈએ. આંગણવાડીનાં મકાનો હવા ઉજાસવાળા, પાણી શૌચાલયની સગવડતવાળા, બાળસુલભ હોવા જોઈએ. ભૌતિક સગવડતાવાળા, રમવા માટેનાં મેદાનની સગવડ તેમજ સાધનસામગ્રીઓથી ભરપૂરતાવાળા શાળાનાં મકાનનું નિર્માણ કરવું એ હવે પછીનાં સમયની માંગ રહેશે.

શાળામાં શિક્ષકોને બાળકોની જ સારસંભાળ અને શિક્ષણની જવાબદારી સોંપાવી જોઈએ તથા સલામતી માટે શાળા ગેટ પાસે સિક્યોરિટી ગાર્ડ, પ્યૂન, ક્લાર્ક વગેરે જેવી જગ્યાઓ ઉપલબ્ધ કરી ભરતી કરવી જોઈએ.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

પ્રારંભિક શિક્ષણમાં શિક્ષકની સાથે બે હેલ્પર શિક્ષકની જગ્યાઓ પણ હોવી જોઈએ, જેથી બાળક રડે તો શાંત કરી રમાડે, તેની એકી-પાણીની જરૂરિયાત ઊભી થાય તે માટે મદદ કરી શકે.

આમ, પૂર્વ પ્રાથમિક શિક્ષણની જવાબદારીએ હાલ મહિલા-બાળ વિકાસ વિભાગની છે, તે હવે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020 અનુસાર મહિલા અને બાળ વિકાસ મંત્રાલય (Women and Child Development), આદિજાતિ મંત્રાલય (Tribal Affairs), આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય (Health & Family Welfare) તથા માનવ સંસાધન વિકાસ મંત્રાલય (MHRD) દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવશે, ત્યારે વધુ સારી રીતે આ દિશામાં કાર્ય થશે અને આ નીતિ સફળ બની રહેશે. પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણને શાળા શિક્ષણમાં દાખલ કરવાની પ્રક્રિયામાં સતત માર્ગદર્શન મળી રહે તે માટે એક taskforceની રચના કરવામાં આવશે.

ટૂંકમાં તંદુરસ્ત બાળક તંદુરસ્ત સમાજની આધારશિલા છે. પ્રારંભિક બાળશિક્ષણરૂપી પાયો મજબૂત હશે, તો શિક્ષણરૂપી ઇમારત ચોક્કસ સક્ષમ બનશે.

અત્યારે ગિજુભાઈ બધેકાએ ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થામાં મોંટેસરી પધ્ધતિ દ્વારા કરેલ બાળશિક્ષણ તેમજ ગિજુભાઈ બધેકાની ભત્રીજી મોંઘીબેન બધેકા દ્વારા સ્થાપિત બાલમંદિરની અવશ્ય મુલાકાત લેવી જોઈએ, જ્યાં 80-85% કાર્ય પ્રારંભિક શિક્ષણમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020 મુજબ કાર્ય થઈ રહેલ છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સંદર્ભસૂચિ :-**

1) Dr. T. S. Joshi (2020, August 17)

ઊઘડતી દિશાઓ Episode-1 (D.D.GIRNAR, IITE, Gandhinagar આયોજિત)

2) Dr. Jayeshbhai Shah, (2020, August 28)

નવી શિક્ષણ નીતિ કેટલી અસરકારક? (લેખક: જય વસાવડા, યુટ્યુબ ચેનલ વેબિનાર)

3) Dr. T.S. Joshi (2020, September 5),

શિક્ષકપર્વ – 2020, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020 સંદર્ભે સંગોષ્ઠી (VANDE GUJARAT-5, BISAG, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય)

4) Dr. Darshnaben Joshi (2020, September 8)

શિક્ષકપર્વ – 2020, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020 સંદર્ભે સંગોષ્ઠી (VANDE GUJARAT-5, BISAG, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય)

5) Dr. Hareshbhai Chaudhari (2020, September 9)

શિક્ષકપર્વ – 2020, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020 સંદર્ભે સંગોષ્ઠી (VANDE GUJARAT-5, BISAG, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય).

6) પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ : અધ્યનનો પાયો Chapter 1 (Page No. 21 – 24), પુસ્તક: રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020, માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર, પ્રકાશક: ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (IITE, Gandhinagar).

7) પૂર્વ પ્રાથમિક શિક્ષણ, થીમ – 1, NISHTHA BOOK (Page no. 71-80) જી.સી.ઈ.આર.ટી. (GCERT), ગાંધીનગર, શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ ગ્રામ્ય.

8) **पारुप राष्ट्रीय शिक्षा नीति** -2019, MHRD (PDF – Page No. 58-70) (Search : nep-2019 hindi pdf, google website: mhrd.gov.in)